For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ધુતારા સંપૂર્ણપણે તૈયાર જ છે, રાહ જુએ છે તમે લોભમાં આવો

# બોગસ સ્ટિકર મારીને નકલી વિઝાના કૌભાંડનો પર્દાફાશ

**રાંદેરમાં** એક ફ્લેટમાં એન્જિનિયર પ્રતીક શાહ વિદેશી વિઝા સ્ટિકર બનાવતો હતો, ધરપકડ કરાઈ

**લેપટોપમાં** અનેક દેશોના નકલી વિઝાની ડિઝાઇન મળી, પાંચ વોન્ટેડ જાહેર

સુરતઃ શહેરની એસઓજી પોલીસે રાંદેર વિસ્તારમાંથી બોગસ વિઝા કૌભાંડ ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે. સમોર રેસીડેન્સી ફ્લેટ નં. 202માંથી ચાલતા આ રેકેટનો ભાંડાફોડ કરી પોલીસે એક આરોપી

...અનુસંધાન પાના 5 પર



### યુકે સહિત ચાર દેશનાં બોગસ વિઝા સ્ટિકરો કબજે

એસઓજી પોલીસે ફ્લેટમાંથી અનેક શંકાસ્પદ સ્ટિકરો શોધી કાઢ્યા છે, જેમાં જુદા જુદા દેશોના કુલ પાંચ પ્રકારના વિઝા સ્ટિકરો મળી આવ્યા છે. જેમાં બાબર ડેવિડ અને સિંગ સુમિત નામના યુવકોના ચેક રિપબ્લિક, નરેશ પટેલના

...અનુસંધાન પાના 5 પર

### આરોપીઓ વિદેશ જવા ઈચ્છુક લોકોને લલચાવી મોટી રકમ વસૂલતા

વિદેશ વિઝા છેતરપીંડીના આ રેકેટમાં અનેક ઈસમોની સંડોવણી છે. આણંદનો કેતન દીપકભાઈ સરવૈયા, બેંગકોકમાં રહેતો હર્ષ, દિલ્હીના પરમજીતસિંહ અને અફલાક તેમજ સચિન શાહ લાંબા સમયથી સક્રિય હોવાનું સામે આવ્યું છે. તેઓ વિદેશ જવા ઈચ્છુક લોકોને લલચાવી મોટી રકમ વસૂલતા. બાદમાં

...અનુસંધાન પાના 5 પર




### ચેક રિપબ્લિકનો સ્ટેમ્પ, યુવી લેઝર ટોર્ચ, એમ્બોઝ તથા કોર્નર કટર મશીન પણ મળ્યુ

પોલીસે ફ્લેટ પર તપાસ દરમિયાન વિદેશી વિઝા બનાવવામાં ઉપયોગી અનેક સામાન જપ્ત કર્યો છે, જેમાં ચેક રિપબ્લિકનો સ્ટેમ્પ સિક્કો, યુવી લેઝર ટોર્ચ, એમ્બોઝ તથા કોર્નર કટર મશીન, કલર પ્રિન્ટર, લેપટોપ અને પાંચ

...અનુસંધાન પાના 5 પર

### વિવિધ દેશોના હોલમાર્કવાળા પેપર ઓનલાઈન મંગાવી નકલી વિઝા બનાવતો

આરોપી પ્રતિકે કબુલાત કરી હતી કે તે નકલી વિઝા સ્ટિકર તૈયાર કરવા માટે જરૂરી હોલમાર્કવાળા પેપર Alibaba જેવી ઓનલાઇન સાઇટ પરથી મંગાવતો હતો. ત્યારબાદ તે લેપટોપ

...અનુસંધાન પાના 5 પર

# સંતોષ મિલમાં ફાયર સુવિધાનો અભાવ ફેક્ટરી ઈન્સ્પેક્ટર, FSLની સ્થળ તપાસ

**જોળવાની** વર્ષો જૂની મિલમાં ફેક્ટરી કાયદાનું ઉલ્લંઘન

**જવા** અને આવવા એક જ સાંકડી ગલી, ફાયર વિભાગને અડચણ


(તસવીર : ઈલ્યાસ શેખ)

પલસાણાઃ પલસાણાના જોળવા ખાતે આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં સોમવારે ડ્રમ વોશર ફાટવાને કારણે બેનાં મોતના મામલે મિલમાં ફાયર અને સલામતી સહિતની પ્રાથમિક સુવિધાનો અભાવ જણાયો છે. મિલ ખૂબ જ જૂની હોવા ઉપરાંત સાંકડી ગલીઓને કારણે બચાવ કામગીરીમાં પણ મુશ્કેલી આવી હતી. નિયમો મુજબ મિલમાં વખતોવખત સલામતીને લઈને કરવાના ફેરફારો કરવામાં આવ્યા ન હતા. મિલમાં ફેક્ટરી કાયદાનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું સ્પષ્ટ જણાયું હતું. જો કે, હાલમાં ફેક્ટરી ઈન્સ્પેક્ટર, એફએસએલ સહિતની ટીમ દ્વારા સ્થળ પર તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર પલસાણા તાલુકાના જોળવા ગામે બારડોલી-કડોદરા રોડ પર આવેલ સંતોષ ટેક્સ્ટાઈલ મિલમાં સોમવારે બપોરે અચાનક ડ્રમ વોશર ફાટ્યું હતું. આ અકસ્માતમાં ઊડેલા ગરમ પાણીને કારણે બે કામદાર રોશનકુમાર નથુની શા (ઉ.વ.24) (હાલ રહે., તાતીથૈયા, ભૂમિ કંપનીની સામે, તા.પલસાણા, મૂળ રહે.,બિહાર) અને દેવેન્દ્ર બહાદુર શિવકુમાર સિંહ (રહે.,રાજમંદિર રેસિડેન્સી, તાતીથૈયા, મૂળ રહે., ઉત્તરપ્રદેશ)નાં દાઝી જતાં સ્થળ પર જ મોત થયાં હતાં. જ્યારે 22 કામદારને ઇજા થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડ્રમ વોશર ફાટ્યા બાદ 40થી 45 મિનિટમાં જ અચાનક આગ ફાટી નીકળી હતી. જો કે, મિલમાં જવા માટે સાંકડી ગલી હોવાથી ફાયર અને

...અનુસંધાન પાના 5 પર

### બંને મૃતદેહ ભીષણ આગમાં ક્ષતવિક્ષિત, ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરાયો

સુરતઃ પલસાણાના જોળવાની સંતોષ ટેક્સટાઇલ મિલમાં સોમવારે દુર્ઘટનામાં બે કામદારના મોત નીપજ્યા હતા જ્યારે ૨૨ કામદાર ગંભીર રીતે દાઝ્યા હતા. સુરત સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ પામનારા કામદારોના મૃતદેહની મંગળવારે ફોરેન્સિક વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમની કામગીરી કરવામાં આવી હતી. ભીષણ આગને પગલે બંને મૃતદેહ ક્ષતવિક્ષિત થઈ ગયા હતા, જેથી ઓળખ પણ મુશ્કેલ બની હતી. આ ઘટનામાં રોશનકુમાર નથુની શાહ (ઉ.વ.૨૪, રહે. ભૂમિ કોમ્પ્લેક્ષ, તાતીથૈયા, મુળ બિહાર મોતીહારી) અને દેવેન બહાદુર શિવકુમાર સિંહ (ઉ.વ.૪૬, રહે. રાજ મંદિર પાસે તાતીથૈયા) મળ્યા નથી. જેથી રોશનકુમારના નાનાભાઈ સુરેશકુમારનો અને દેવેન બહાદુરના ભત્રીજા અલીલેન્દ્રનો ડીએનએ લેવામાં આવ્યો છે અને બંને મૃતદેહ સાથે મેચ કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રીપોર્ટ આવ્યા બાદ મૃતદેહ સોંપવામાં આવશે.

### હાઇટેન્શન વીજ લાઈનના વાયરો મિલની ઉપરથી જતા હતા

સંતોષ ડાઈંગ મિલના બાંધકામ સામે પણ સવાલ ઊઠ્યા છે. મિલની ઉપરથી હાઇટેન્શન વીજ વાયરની લાઈન જતી હતી અને એના નીચે પતરાનો સેડ બનાવવામાં આવ્યો હતો. જ્યાં સેન્ટર મશીનથી લઈ સ્ટીમની લાઈન જતી હતી. તેમ છતાં સ્થાનિક પંચાયત કે સુડા દ્વારા આવાં બિન અધિકૃત બાંધકામ સામે કોઈ કાર્યવાહી ન કરવાથી આજે આ ઘટનાએ ગંભીર સ્વરૂપ લીધું હતું. કડોદરા-તાતીથૈયામાં ઘણી એવી મિલો છે, જ્યાં આજે પણ આગ સમયે ફાયરનો બમ્બો મિલની ફરતે જઈ શકતો નથી. આવાં બિનઅધિકૃત બાંધકામનો સરવે કરી એને દૂર કરવામાં આવે એ જરૂરી છે.

# ગળામાં રાખેલું કપડું મશીનમાં આવી જતાં કામદાર મહિલાનું મોત

**પાંડેસરાની** પરિણીતા મિલમાં સેન્ટર મશીન પર કામ કરતી હતી, હોસ્પિટલમાં ખસેડાતાં સારવાર બાદ મોત



સુરતઃ પાંડેસરા ખાતે રહેતી પરિણીતાનું સેન્ટર મશીનમાં કામ કરતી વેળાએ અકસ્માતે ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા ઈન્દિરા નગરમાં રહેતા દીપકસિંહ ચૌહાણ ખાનગી મિલ કંપનીમાં નોકરી કરી પરિવારમાં પત્ની 24 વર્ષીય પૂજા દેવી અને સંતાનનું ગુજરાન ચલાવે છે. તેમની પત્ની પણ તેમની સાથે મિલમાં સેન્ટર મશીન ઉપર કામ કરતી હતી. પૂજા દેવી 3 ઓગસ્ટના રોજ રાબેતા મુજબ સેન્ટર મશીન ઉપર કામ રહી હતી. દરમિયાન પૂજા દેવીએ ગળામાં રાખેલું કપડું સેન્ટર મશીનમાં આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જેથી પૂજા દેવીને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં લાંબી સારવાર દરમિયાન પૂજા દેવીનું સોમવારે રાત્રે મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

# પારડી ભાજપના નેતા, બેંકના માજી ડિરેક્ટર, ન.પા. પૂર્વ પ્રમુખ દેવેન શાહના નિવાસસ્થાને ITની રેડ

**વાપી**-પારડીમાં પેપરમિલો અને સ્ક્રેપ ડીલરોને ત્યાં આઇટી વિભાગનું સર્ચ ઓપરેશન

**વાપીની** એન.આર. અગ્રવાલ પેપર મિલ, ગજાનંદ પેપર મિલ, શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મિલમાં સર્ચ ઓપરેશન

વલસાડ, પારડીઃ વાપી ઈન્કમટેક્સ ઈન્વેસ્ટીગેશન ટીમે ચાલુ વર્ષ દરમિયાન બીજી વખત દરોડા પાડ્યા છે. ફેબ્રુઆરી માસમાં તેમણે આર્કિટેક, વકીલ અને બિલ્ડરોને નિશાન બનાવ્યા હતા. ત્યારબાદ હવે

...અનુસંધાન પાના 5 પર


(તસવીર : અમૃત પટેલ)

### પારડીમાં સ્ક્રેપ ડીલર ભાજપના અગ્રણીને ત્યાં પણ રેડ

આ સર્ચ ઓપરેશનમાં રાજકોટ, સુરતથી આઇટી વિભાગના અધિકારીઓ સાથે પોલીસ બંદોબસ્ત માટે 20 જેટલા પોલીસકર્મીઓએ વલસાડ જિલ્લામાં વહેલી સવારના 6 વાગ્યાના અરસામાં ધામા નાખ્યા હતા. રેડની જાણ ન થાય તે માટે ટ્રાવેલ્સની ગાડી લઈને આયકર વિભાગની ટીમ આવી હતી. વાપીમાં આઈ.ટી ના સર્ચ ઓપરેશનમાં કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોના ત્યાં પણ આઈ.ટી ની ટીમે તપાસ હાથ ધરી હતી. સ્ક્રેપ ડીલરોમાં સંકળાયેલા પારડી ભાજપના જાણીતા નેતા તથા ભીલાડવાળા બેંકના માજી ડિરેક્ટર, નગરપાલિકા પૂર્વ પ્રમુખ દેવેન શાહના નિવાસ્થાને 6 વાગ્યે આઇટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન

...અનુસંધાન પાના 5 પર

### મુખ્ય આરોપી નિપેન્દર અને રાજકોટનો પ્રીત પહેલા સાયબર ગુલામ હતા, હવે ગેંગ સાથે જોડાયા ને અન્યોને ગુલામ બનાવતા થઈ ગયા

# સાયબર ગુલામી રેકેટમાં મ્યાનમાર, ચીનના સૈનિકોની સંડોવણી, ચાઈનીઝ ગેંગના બે ચીનાના ફોટા હાથ લાગ્યા

**મિતેન્દરની** પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા, ચાઇનીઝ ગેંગનો સૂત્રધાર અલોંગ ચાઇનીઝ એપથી સંપર્કમાં હતો

**એજન્ટ** એલેકઝાન્ડર બોર્ડર ક્રોસ કરાવી સૈનિકોની સાઠગાંઠમાં લોકોને ચાઇના લઈ જતો હતો, સેન્ટ્રલ બ્યુરો પણ તપાસમાં જોડાઈ





સુરતઃ સાયબર ક્રાઇમ સેલે સાયબર સ્લેવરીના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કરી 3 ઇસમને પકડી પાડ્યા હતા. આરોપીના રિમાન્ડ દરમિયાન ઘણાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. આ નેટવર્કમાં મ્યાનમાર ચીનના સૈનિકોની સંડોવણી પણ બહાર આવી છે. પોલીસને પહેલી વખત ચાઇનીઝ ગેંગના બે સભ્યના ફોટો પણ મેળવવામાં સફળતા મળી છે. સેન્ટ્રલ આઇબી પણ આ ગુનાની તપાસમાં જોડાઈ છે.

શહેર સાયબર ક્રાઇમ સેલે સાયબર સ્લેવરીના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કરી પંજાબથી બે અને સુરતથી એક આરોપીને પકડી પાડ્યો હતો. આરોપીઓની પાકિસ્તાની એજન્ટ સહિત 12 જેટલા કેસમાં અત્યાર સુધીમાં સંડોવણી બહાર આવી છે. આ સાથે જ એજન્ટોની સંડોવણીમાં પણ વધારો થઈ શકે છે, અત્યાર સુધીમાં જે 52 યુવકને મ્યાનમાર મોકલીને સાયબર ગુલામ બનાવવામાં આવ્યા છે, એના આંકડામાં પણ વધારો થઈ શકે છે. હાલ તો આ ત્રણેય આરોપી રિમાન્ડ પર હોવાથી પોલીસ તેમની પૂછપરછ કરી રહી છે.

આરોપીઓની પૂછપરછમાં એક ખુલાસો થયો છે કે મુખ્ય આરોપી નિપેન્દર ઉર્ફે નીરવ ચૌધરી, જે ચાઈનીઝ કંપની માટે HRનું કામ કરે છે તે પણ મ્યાનમારમાં સાયબર ગુલામી કરી ચૂક્યો છે.

...અનુસંધાન પાના 5 પર

### સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્રમાં ભારે વરસાદને લીધે સુરતી ગૃહિણીનું બજેટ ખોરવાયું

# સુરતમાં શાકભાજીની આવક 30થી 40 ટકા ઘટતાં ભાવો 40થી 50 ટકા વધ્યા

**એક** જ મહિનામાં તુવેર, લીંબુ, લીલા ધાણા, રીંગણ, ટીંડોળા, દૂધી, ચોળીના ભાવોમાં નોંધપાત્ર વધારો

સુરતઃ ગુજરાતમાં સૌરાષ્ટ્ર વિસ્તાર અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદને લીધે ખેતરોમાં પાણીનો ભરાવો થતા સુરત એપીએમસી (સરદાર માર્કેટ યાર્ડ)માં શાકભાજીની આવક ઘટી છે. સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, અવિરત વરસાદને લીધે અમુક શાકભાજીના પાકમાં મોટું નુકસાન થયું છે. સુરતના માર્કેટ યાર્ડમાં કેટલીક શાકભાજીની આવક 30થી 40% ઘટી જતાં 20 કિલો શાકભાજીની કિંમતોમાં વધારો થયો છે. એક જ મહિનામાં તુવેર, લીંબુ, લીલાધાણા, રીંગણ, ગિલોળા, દૂધી, ચોળીના ભાવો ખૂબ વધ્યા છે. એને લીધે રિટેલમાં શાકભાજી મોંઘી થઈ છે.

સુરત એપીએમસીમાં સ્થાનિક ખેતપેદાશોની સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલ, રાજસ્થાન અને દિલ્હી સહિતના રાજ્યોમાંથી મોટાપાયે શાકભાજી, ડુંગળી, બટાકા, ટામેટાં, મરચા, આદુ, લસણ આવે છે.

### એક જ મહિનામાં સુરત એપીએમસીમાં શાકભાજીના ભાવો વધ્યા

| શાકભાજી | તા.2/8/2025 | તા.2/9/2025 (20 KG) |
|---|---|---|
| ફ્લાવર | 300 - 400 | 500- 600 |
| આદુ | 700 - 800 | 800 - 900 |
| પાપડી | 600- 700 | 700 - 800 |
| તુવેર | 800 - 1000 | 1200 - 1800 |
| રીંગણ | 800 - 1000 | 1300 - 1400 |
| લીંબુ | 400 - 600 | 600 - 800 |
| લીલા ધાણા | 300- 400 | 500- 600 |
| લીલી ડુંગળી | 300- 400 | 400- 500 |
| ટીંડોળા | 400 - 500 | 800- 1000 |
| સરગવાની સિંગ | 600- 700 | 1400- 1500 |
| ચોળી | 800- 1000 | 1000- 1400 |
| દૂધી | 200- 220 | 300- 400 |

### જુલાઈ-ઓગસ્ટમાં પડેલા ભારે વરસાદને લીધે કેટલીક શાકભાજીની અછત સર્જાઈ: બાબુભાઈ શેખ

સુરત એપીએમસી (એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી) માર્કેટમાં ચોમાસાની ઋતુ દરમિયાન શાકભાજીની આવકમાં ઘટાડો જોવા મળે છે, જેનું મુખ્ય કારણ અતિવૃષ્ટિ અને ભારે વરસાદ છે. 2025ના જુલાઈ ઓગસ્ટ મહિનામાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ચોમાસાના કારણે ખેતરોમાં ઊભા પાકને વ્યાપક નુકસાન થયું હતું, જેની સીધી અસર શાકભાજીના ઉત્પાદન અને બજારમાં તેની આવક પર પડી. સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુ શેખે જણાવ્યું હતું કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી આવતી શાકભાજીની આવક અતિભારે વરસાદને કારણે ઘટી, જેના પરિણામે બજારમાં શાકભાજીની અછત વર્તાઈ અને ભાવમાં વધારો નોંધાયો છે.

જુની બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦
તા.૬ અને ૭-૦૯-૨૦૨૫ (શનિ-રવિવાર)ના રોજ

ગણપતિ વિસર્જન
હોવાથી માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૦૮-૦૯-૨૫ ને સોમવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.

સુરત મહાનગરપાલિકા FIT INDIA

**વ્યવસાયવેરા કરદાતાઓ જોગ**

સુરત શહેર હદ વિસ્તારમાં વ્યવસાય કરતા ઈ.સી. કરદાતાઓ માટે વર્ષ ૨૦૨૫-૨૬ નો વ્યવસાયવેરો ભરપાઈ કરવાની અંતિમ તા. ૩૦-૦૯-૨૦૨૫ છે. જેથી કરદાતાઓની સરળતા ખાતર વ્યવસાયવેરાના નાણાં સ્વીકારવાની કામગીરી માહે સપ્ટેમ્બર-૨૦૨૫ દરમ્યાન રવિવાર તથા તા.૦૬-૦૯-૨૦૨૫ અનંત ચૌદશની જાહેર રજા સિવાય તમામ જાહેર રજાના દિવસોએ સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૩૦ કલાક દરમ્યાન ચાલુ રહેશે.

ઉપરોક્ત સમય દરમિયાન કરદાતાઓના પ્રોફેશન ટેક્ષ ઈ.સી./આર.સી. ઉપરાંત મિલ્કતવેરાના નાણાં પણ સ્વીકારવામાં આવશે, જેનો લાભ લેવા કરદાતાઓને જણાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ "www.suratmunicipal.gov.in" માં લોગઈન કરી ઈ-પેમેન્ટ કરી શકશો.

પીઆરઓ નં./૩૧૩/૨૦૨૫-૨૬ ડે.કમિશનર (ડી)
તા.૦૨/૦૯/૨૦૨૫ સુરત મહાનગરપાલિકા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**સાદર સાતમી વાર્ષિક શ્રધ્ધાંજલિ**

વીતી ગયા સાત વર્ષ આપની સ્મૃતિને સંભાળતા. પ્રસરાવી સુવાસ સત્કર્મોની થયા છો દેહથી વિમુખ, હૃદયથી તો રહેશો સદા સન્મુખ. ભગવાનને પામી મોક્ષપદ પ્રાપ્ત કરો તેવી પરમાત્માને પ્રાર્થના...

**સ્વ.માનનીય જસ્ટીસ શ્રી વિનુભાઈ એચ.ભૈરવિયા**
(પૂર્વ ન્યાયમૂર્તિ, ગુજરાત અને મુંબઈ હાઈકોર્ટ)
(ફાઉન્ડર એન્ડ મેનેજીંગ ટ્રસ્ટી, ડૉ.બી.આર.આંબેડકર એજ્યુ. સોસા./ સિધ્ધાર્થ લૉ કોલેજ)
જન્મ તા.૧૭-૦૯-૧૯૩૬ સ્વ.તા.૦૩-૦૯-૨૦૧૮

લિ.
સ્વ.નિર્મળાબેન વિનુભાઈ ભૈરવિયા | જયેશભાઈ વી.ભૈરવિયા | વર્ષા જે.ભૈરવિયા | દીપ્તીબેન વી.ભૈરવિયા
**સમગ્ર ભૈરવિયા પરિવાર**
ડૉ.બી.આર.આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત
સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર અને કામરેજ (સુરત) પરિવાર



**પાંચમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

સ્મૃતિમાંથી ક્યારેય વિસરાય નહીં એવું જીવન જીવી ગયા તમે,
ટૂંકા આયુષ્યમાં કાયમી સ્મૃતિ મૂકી ગયા તમે,
વર્ષો આવશે અને જશે પરંતુ
તમારું સ્મરણ અમારા હૈયે અમર રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ. ધનુબેન બાબુભાઇ પટેલ**
સ્વ. તા. ૦૩/૦૪/૨૦૨૫

બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરીશભાઈ બાબુભાઈ પટેલ
મનીષાબેન હરીશભાઈ પટેલ
ભરતભાઈ બાબુભાઈ પટેલ
નીતાબેન ભરતભાઈ પટેલ
પ્રકાશભાઈ બાબુભાઈ પટેલ
દિવ્યાબેન પ્રકાશભાઈ પટેલ
દીપ, તિલક, મંથન, સ્વ. પાવન
સ્થળ : આભવા ગામ

**શ્રી સુરતી મોઢ વણિક અવસાન**



**સ્વ. નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી**
સ્વ. તા. ૦૨.૦૯.૨૦૨૫ મંગળવાર

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા વડીલશ્રી અને ઘરના મોભીશ્રી સ્વ. નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધીનું તા. ૦૨.૦૯.૨૦૨૫ ના રોજ મંગળવારે દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતની આત્માને શાંતિ અર્પે એવી અંતરથી પ્રાર્થના.

સદ્‌ગતની **અંતિમયાત્રા** તા. ૦૩.૦૯.૨૦૨૫ બુધવારે સવારે ૧૦.૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી રામનાથ ઘેલા, ઉમરા સ્મશાનગૃહ મુકામે જશે.

સદ્‌ગતની **પ્રાર્થનાસભા** તા. ૦૩.૦૯.૨૦૨૫ બુધવારે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાક દરમ્યાન ભરતીયા પોલીટેકનીક ઈન હસબન્ડરી, ભરતીયા વિદ્યાસંકુલ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે. (ચાદર/શાલ પ્રથા બંધ છે)

લિ.
ગં.સ્વ. જયશ્રીબેન નરેન્દ્રભાઈ ગાંધી (પત્ની)
બંકિમ નરેન્દ્રભાઈ ગાંધી (પુત્ર) — હિના બંકિમ ગાંધી (પુત્રવધુ)
વિશાલ નરેન્દ્રભાઈ ગાંધી (પુત્ર) — અવની વિશાલ ગાંધી (પુત્રવધુ)
અશોકભાઈ ચીમનલાલ ગાંધી (ભાઈ) — ઈલાબેન અશોકભાઈ ગાંધી (ભાભી)
રૂચા ઉમંગ ઠક્કર (પૌત્રી) — ઉમંગ મનીષભાઈ ઠક્કર (જમાઈ)
સ્વ. અનીષા નરેન્દ્રભાઈ ગાંધી (પુત્રી)
ખુશીલ - ક્રિણા - ક્રિસા
**સ્વ. ચીમનલાલ રણછોડદાસ ગાંધી પરિવાર**

નિવાસસ્થાન : એ-૧, ૧૦૦૨ શ્યામવીલા, શ્યામ ખાટુ મંદિરની સામે, વી.આઈ.પી. રોડ, ભરથાણા, વેસુ, સુરત.

**શ્રધ્ધા સુમન**



**સ્વ.ચંપાબેન મોહનભાઈ પટેલ**
સ્વ.તા.૩૦/૦૮/૨૦૨૫

માતા વિના આદર કોણ કરે,
વર્ષા વિના સાગર કોણ ભરે,
રામ વિના દુઃખ કોણ હરે,
તુલસી વિના ધીરજ કોણ ધરે,
તમારા જવાથી અમારા જીવનમાં પડેલા ખાલીપાને સમય ભૂસી શકશે નહિ. જીવનમાં દરેક મોડ પર દરેક પ્રસંગે તમારી જરૂર વર્તાશે, તમારી ખોટ જગતમાં કોઈ પૂરી શકે તેમ નથી. તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

:: લિ. ::
શર્મિલા - પરેશ એમ. પટેલ | રીના - પંકજ એમ. પટેલ
અરૂણા - રાજેશ એમ. પટેલ | પૂજા - કનૈયા ડી. પટેલ
આશાબેન આર. પવાર | વૈશાલી મનોજ પટેલ
પારૂલ હિરેન પટેલ | શિતલ દિપક પટેલ
ચિ. જહીન, શિખા, નિષ્ઠા, હિતાંષુ, પ્રિયલ, આરના તથા સમસ્ત પરિવાર

મૂ.પો.જૂના મગદલ્લા, 'કેશવકુંજ', બાપુનગર, ડુમસ રોડ, સુરત.